શ્રી એચ. એસ. પટેલ, સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-૨), વિકસતિ જાતિ કલ્યાણ, મહેસાણાની સરકારમાં બજાવેલ અગાઉની સેવા પગાર અને રજાના હેતુસર સળંગ ગણવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
હુકમ ક્રમાંકઃ પરચ/૧૧૨૦૨૧/૧૩૧૦/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૪/૦૭/૨૦૨૨.

વંચાણમાં લીધાઃ-

(૧) આ વિભાગની તા:૦૭/૧૨/૨૦૧૮ની અધિસૂચના ક્ર:મકમ/૧૧૨૦૧૮/૩૪૫૯૮૪/અ.
(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવવાલય, ગાંધીનગરની તા:૨૭/૦૩/૨૦૧૫ની યાદી ક્ર:દહજ/૧૦૨૧૧૭૦૯૨૧૬/અ(પાર્ટ-૧).
(૩) કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો તા:૦૪/૦૪/૨૦૧૫નો આદેશ ક્ર:૧૯ કમબ/મકમ/૨૪૮૩ થી ૨૪૯૩/૨૦૧૪-૧૫.
(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવવાલય, ગાંધીનગરનો તા:૨૮/૧૨/૨૦૧૮નો કાર્યાલય આદેશ ક્ર:દહજ/૧૦૨૦૧૫૮૨૮/અ.
(૫) ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૨૨
(૬) નાણા વિભાગનો તા.૨૭/૦૯/૨૦૦૧નો પરિપત્ર ક્ર.:પગર-૧૦૨૦૦૧-૧૬૦૫-ચ
(૭) નાણા વિભાગનો તા.૧૦/૦૬/૯૪નો પરિપત્ર ક્ર.:પગર-૧૦૯૩-૮૭૧-ચ.
(૮) શ્રી એચ.એસ.પટેલ, સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨નો તા:૦૫/૦૯/૨૦૨૧નો પત્ર.
(૯) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણનો તા.૧૫/૧૨/૨૦૨૧નો પત્ર ક્ર:વિજાક/મકમ/૨૦૨૧-૨૨/૪૧૨૨.

**પ્રસ્તાવનાઃ-**

આ વિભાગની વંચાણે લીધેલ ક્ર:૦૧ પરની તા:૦૭/૧૨/૨૦૧૮ની અધિસૂચનાથી શ્રી હિતેશકુમાર શંકરલાલ પટેલને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકના સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-૨) સંવર્ગમાં અજમયાશી ધોરણે નિમણૂંક આપવામાં આવેલ હતી.

૨. શ્રી હિતેશકુમાર શંકરલાલ પટેલને અગાઉ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્ર:૦૧ પરની તા:૨૭/૦૩/૨૦૧૫ની યાદીથી તેમના વિભાગ હસ્તકની દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી(વર્ગ-૨) સંવર્ગમાં નિમણૂંક આપતાં, શ્રી પટેલને વંચાણે લીધેલ ક્ર:૦૩ના કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીના તા:૦૪/૦૪/૨૦૧૫ના આદેશથી તા:૦૪/૦૪/૨૦૧૫ના રોજથી કચેરી સમયથી ફરજ ઉપર હાજર કરવાના હુકમો કરવામાં આવેલ હતાં તેમજ આ વિભાગ હેઠળના સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨(વિજા) સંવર્ગમાં નિમણૂંક મળતાં વંચાણે લીધેલ ક્ર:૦૪ પરના તા:૨૮/૧૨/૨૦૧૮ના આદેશથી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા શ્રી પટેલને તા:૨૮/૧૨/૨૦૧૮ના રોજ બપોર બાદ છુટા કરતાં તેઓ આ વિભાગ હેઠળની સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨(વિજા) સંવર્ગમાં તા:૨૯/૧૨/૨૦૧૮ના રોજ કચેરી સમય પહેલાં હાજર થયેલ છે.

૩. વંચાણે લીધેલ ક્ર:૦૮ પરના તા:૦૫/૦૯/૨૦૨૧ના પત્રથી શ્રી પટેલ દ્વારા તેઓની દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી(વર્ગ-૨) સંવર્ગમાં બજાવેલ સેવાને હાલની સેવાઓ સાથે જોડી આપવાની રજુઆત કરતાં, વંચાણે લીધેલ ક્ર:૦૯ના તા:૧૫/૧૨/૨૦૨૧ના પત્રથી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા વિગતવાર દરખાસ્ત અત્રે મોકલી અપેલ હતી.

આદેશ:-

શ્રી હિતેશકુમાર શંકરલાલ પટેલ, સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨(વિજા)ની મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી(વર્ગ-૨) સંવર્ગમાં તા:૦૪/૦૪/૨૦૧૫ થી ૨૮/૧૨/૨૦૧૮ સુધી બજાવેલ સેવા સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨(વિજા) સંવર્ગમાં તા:૨૯/૧૨/૨૦૧૮ના રોજ હાજર થતાં, તેઓની દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી(વર્ગ-૨) સંવર્ગની તા:૦૪/૦૪/૨૦૧૫ થી ૨૮/૧૨/૨૦૧૮ની સેવાઓને હાલની સેવાઓ સાથે પગારના હેતુસર વંચાણે લીધેલ ક્ર:૦૬ પરના તા:૨૭/૦૯/૨૦૦૧ના ઠરાવથી મળેલ સત્તા અન્વયે આ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની તા:૨૦/૦૬/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે જોડી આપવાની મંજુરી આપવામાં આવે છે તેમજ,

૨. સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા:૧૦/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે ઉક્ત સમયગાળાની સેવાઓ રજાના હેતુસર પણ જોડી આપવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (શ્રી પટેલની અસલ સેવાપોથી સહિત)
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી(પેન્શન), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી(સેવા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, મહેસાણા (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત)
- શ્રી એચ. એસ. પટેલ, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.), મહેસાણા (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. - વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ - ૨૦૨૨